GJLV020006912023

કેસ દાખલ તા.૨૮/૦૧/૨૦૨૩
નિકાલ કર્યા તા.૨૪/૦૪/૨૦૨૪

---

**મે. લુણાવાડા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમા,**
**મુકામ: લુણાવાડા**

---

ક્રિમિનલ કેસ નં.૬૩૨/૨૦૨૩
આંક–

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી નં. ૧૨. :** કરણભાઈ મુકેશભાઈ દંતાણી
રહે.મોટી ચરેલ વાઘરીવાસ, તા.લુણાવાડા, જી.મહીસાગર

---

**ગુન્હો : જુગાર ધારા કલમ ૧૨ અ મુજબ,**

---

**//ઠરાવ//**

**૧..** આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા.૨/૮/૨૦ ના કલાક ૧૫/૩૦ વાગ્યે આ કામના આરોપીઓએ જાહેરમા ખુલ્લી જગ્યામા પૈસા વડે પત્તા પાનાનો હારજીતનો જુગાર રમી તથા રૂા.૫૨૦/– રમાડી દાવ પરના રૂપિયા તમામ આરોપીઓની અંગ ઝડતીના રોકડા રૂપિયા રૂા.૨૧ ૩૦/–તથા પત્તાપાના નંગ–૫૨ ની કિ.રૂા.૦૦/–મળી કુલ રૂપિયા ૨૬૫૦/– ની ચલણી નોટો સાથે જાહેરમાથી મળી આવી આરોપી ૧ થી ૬ નાઓ પકડાઈ

જઈ તથા અન્ય આરોપી નાસી જઈ ગુન્હો કરી, લુણાવાડા પો.સ્ટ.ગુ.ર.નં. ૦૦૧૧૯૫/૨૦૨૦ થી જુગારધારાની કલમ–૧૨ અ મુજબનો ગુનો દાખલ કરેલ અને તે અંગેની તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે ચાર્જશીટ કરવામા આવેલ છે.

**૨..** આ કામના આરોપીને સમન્સ કરતા તેઓ કોર્ટમા હાજર થયેલ છે અને તેઓને ચાર્જશીટ સાથે રજુ થયેલ પોલીસ પેપર્સની નકલ આપવામાં આવેલ છે. સદર કામે આરોપીની આંક–૨૧ થી પ્લી રેકર્ડ કરવામા આવી.અને જેમા તેઓએ તેમને હાલનો ગુનો કબુલ હોવાની જુબાની આપેલ છે.

**૩..** આરોપીએ આંક–૨૨ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને તેમાં તેઓએ એવુ જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ વખતનો ગુનો છે, તેમના કુટુંબની જવાબદારી તેમના ઉપર છે. ઘરમા કમાનાર એક જ વ્યકિત છે અને તેઓને આ ગુનો કર્યાનો પસ્તાવો છે અને ભવિષ્યમા આવો કોઈ ગુનો કરશે નહી તેવી બાંહેધરી આપેલ છે. જેથી આ કામે તેઓને ઓછો દંડ તથા ઓછી સજા કરવા તેમના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે.

**૪..** આ કામે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા. ગુનાના કામે આરોપીની અનુક્રમે આંક–૨૧ થી તેઓની ગુના અંગેની પ્લી લેતા ગુના અંગેની કબુલાત પુરસીસ આંક–૨૨ થી રજુ કરેલ છે. જેથી આરોપીને જુગારધારાની કલમ–૧૨ અ મુજબની ગુનાના કામે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી નં.૧૨ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ અ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને **પ્રત્યેક આરોપીને રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા)** તથા **કોર્ટ ઉઠતા સુધીની સજા** અને દંડ ન ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

૨. આ કામે મુદામાલ પાવતી નં.૭૦/૨૦૨૦ લગત હાલ પુરતો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૨૪ મી માહે એપ્રીલ, સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૨૪/૦૪/૨૦૨૪
સ્થળ : લુણાવાડા

કે.એમ.ભટ્ટ
એડી.જ્યુડી.મેજી.ફ.ક
લુણાવાડા–GJ01559